ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૧૪/૧૯-૨૦/ 1054 તારીખ : [redacted]4 MAR 2020

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૧૪/૧૯-૨૦

પ્રતિ,
**શ્રી ઠાસરીયા ઈમરાનભાઈ બી.,**
જોરાવર પરા, મેઈન રોડ,
ચુડા, તા.ચુડા, જી.સુરેન્દ્રનગર.
**મો.નં.૯૯૦૪૧ ૩૬૨૬૩.**

**વિષય : ખેતીવાડી કને. માં પાવર ન આપવા છતા બીલીંગ થવા અંગે.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૯/૧૨/૨૦૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧૪/૧૯-૨૦/૫૧૯૮ તા.૨૪/૧૨/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧૪/૧૯-૨૦/૬૪૧ તા.૦૬/૦૨/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૯/૦૨/૨૦૨૦** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **લીંબડી.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ચુડા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૧૪/૧૯–૨૦** ☜

વાદી :– શ્રી ઠાસરીયા ઈમરાનભાઈ બી.

◈ **વિરૂધ્ધ** ◈

**પ્રતિવાદી** :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ**:– ૧૯.૦૨.૨૦૨૦ ◈

હાજર રહયા :– શ્રી ઠાસરીયા ઈમરાનભાઈ બી. – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી એમ. આર. ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીબડી.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ઠાસરીયા ઈમરાનભાઈ બી., મુ.ચુડા, તા.ચુડા, જી.સુરેન્દ્રનગરની ખેતીવાડી કને. માં પાવર ન આપવા છતાં બીલીંગ થવા અંગેની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૧૪/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૧૪/૧૯–૨૦/૫૧૯૮ તા.૨૪.૧૨.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૯.૦૨.૨૦૨૦ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ, જેમાં વાદી શ્રી ઠાસરીયા ઈમરાનભાઈ બી. પોતે તથા પ્રતિવાદી તરફે શ્રી એમ. આર. ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીબડી ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત**:– **ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ હું ઠાસરીયા ઈમરાનભાઈ ભુપતભાઈ રહે.જોરાવરનગર, મેઈન રોડ–ચુડા, તા.ચુડા, જી.સુરેન્દ્રનગર મે નવું ખેતીવાડી વીજ કનેકશન લીધેલ છે. જેમાં ટી.સી. તથા મીટર આવી ગયેલ છે તથા પાવર સપ્લાય હજુ સુધી ટી.સી. માં આપવામાં આવેલ નથી, તેનો સમયગાળો લગભગ દોઢથી બે મહીના થઈ જવા પામેલ છે.

૧.૨ તથા તે બાબતે મારે બીલ આવેલ છે તથા બીલની રકમ પણ મે ભરેલ છે. તો આવી વિસંગતતા કેમ. પોતે જાગૃત નાગરીક હોવા છતાં મારે આવું બન્યું છે. મારા જેવા કેટલાય લોકો આવી તકલીફનો સામનો કરી રહયા છે. તો

Consumer Grievance Redressal Forum
P.G V.C.L.
Bhavnagar

આપ સાહેબને નમ્ર વિનંતી કે મારા કિસ્સામાં યોગ્ય ઘટતું કરવા વિનંતી તથા આ સાથે એક બીલની નકલ પણ સાથે સામેલ રાખું છુ. આપ સાહેબ યોગ્ય ન્યાય કરવા વિનંતી.

☞ **<u>વાદીશ્રીની રજુઆત:</u>– વાદી દવારા તા.૧૫.૦૧.૨૦૨૦ ના રોજ ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ હું ઠાસરીયા ઈમરાનભાઈ ભુપતભાઈ રહે.જોરાવરનગર, મેઈન રોડ–ચુડા, તા.ચુડા, જી.સુરેન્દ્રનગર મારો ફોરમ રજી. ક્રમાંક – ૧૧૪/૧૯–૨૦ છે.

૧.૨ ઉપરોક્ત બાબતે મને ખેતીવાડી વીજ કનેકશનમાં પાવરના જમ્પર કનેકશનમા આપી દેવામાં આવેલ છે પણ હજુ સુધી પંદર વીસ દીવસથી મારા બીલ આપવામાં જે આવેલ છે તે બાબતે વીજકચેરી દવારા કોઈ યોગ્ય પગલા ભરવામાં આવેલ નથી તથા તે બીલીગ બાબતે યોગ્ય ઘટતી કાર્યવાહી હજુ સુધી કરવામાં આવી નથી તો આપ તે બાબતે ઝડપથી મારી સમસ્યાનું નીરાકરણ કરવા યોગ્ય ઘટતું કરશો.

૧.૩ મારે બીલીગ બાબતનો જે પ્રશ્ન છે તે હજુ સુધી આટલા બધા દિવસ વીતી ગયા હોવા છતાં તે બાબતે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી, જે આની સાથે હું બીલોની નકલ પણ જોડું છું, જેમાં મારો ગ્રાહક નંબર આવેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત:– તેમની રજુઆત છે કે.</u>**

૨.૧ સદર વાદીશ્રીની રજુઆત અન્વયે નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, ચુડા ના જણાવ્યા મુજબ સદર વાદીશ્રી ઠાસરીયા ઈમરાનભાઈ ભુપતભાઈ દવારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં ફરીયાદ નં.૧૧૪/૧૯–૨૦ દવારા નોંધાયેલ ફરીયાદ જેના અનુસંધાનમાં ઠાસરીયા ઈમરાનભાઈ ભુપતભાઈને ગત તા.૨૭–ડીસેમ્બર–૨૦૧૯ ના રોજ અત્રેની કચેરીમાં ઈલેક્ટ્રીકલ આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા શ્રી ડી.આર.ડોડીયાર દવારા તેમના CUG નંબર ૯૯૭૮૯૩૫૩૭૨ માંથી આશરે ૧૧:૦૦ થી ૧૧:૩૦ વાગ્યા વચ્ચે ઈમરાનભાઈ ભુપતભાઈ ઠાસરીયાને તેમના ફોન નં.૯૯૦૪૧૩૬૫૪૩ માં કોલ કરેલ પરંતુ તેમના દવારા "મારે અત્યારે જમ્પર આપાવવા ના નથી" તેમ જણાવેલ. આથી તે સમયે વાદીના ખેતીવાડીના નવા વીજજોડાણના જમ્પર આપી શકાયેલ ન હતા, પરંતુ તા.૦૪.૦૧.૨૦૨૦ ના રોજ વાદીના બન્ને વીજજોડાણના જમ્પર આપવા માટે અત્રેની કચેરીના લાઈન સ્ટાફને મોકલાતા ૧૧ કેવી બોરણા એજી ફીડરમાંથી આપવામાં આવેલ હતાં.

૨.૨ ૧૧ કેવી રામેદવગઢ એજી ફીડરમાંથી વાદીને આપવામાં આવેલ વીજજોડાણના જમ્પર તા.૦૪.૦૧.૨૦૨૦ ના રોજ આપી દેવામાં આવેલ છે.

૨.૩ વધુમાં જણાવવાનું કે, ઠાસરીયા ભુપતભાઈ યાકુબભાઈ ગ્રાહક નંબશ્ર:–૭૪૦૫૨/૦૫૦૩૬/૩ નું તા.૨૧.૦૮.૨૦૧૯ નું તેઓને આપવામાં આવેલ બીલ એ ફકત ફીકસચાર્જનું છે તથા તા.૧૩.૧૧.૨૦૧૯ નું તેઓને આપવામાં આવેલ બીલમાં રૂા.૨૦૦/– એ ફીકસચાર્જના છે અને રૂા.૪૮/– એ એનર્જી ચાર્જના છે. આથી રૂા.૪૮/– એ એનર્જી ચાર્જના તેઓને તેઓના ખાતામાં જમા આપવામાં આવશે.

૨.૪ ઠાસરીયા ભુપતભાઈ યાકુબભાઈ ગ્રાહક નં.૭૪૦૫૨/૦૫૦૩૬/૩ નું તા.૨૧.૦૮.૨૦૧૯ નું બીલ એ ફકત ફીકસ ચાર્જનું છે, તેમાં કોઈપણ પ્રકારનો એનર્જી ચાર્જ લેવામાં આવેલ નથી.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

૨.૫ આથી વાદીને આપવામાં આવેલ ફીક્સ ચાર્જનું બીલ એ ખરેખર ભરવાને પાત્ર છે. વાદી દવારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ખાતે કરેલ અરજીનું નિરાકરણ લાવવામાં આવે છે.

**☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ મુકેલ આધાર પુરાવાને ધ્યાને લઈ નીચે મુજબ તારણ છે.**

૩.૧ વાદી અરજદાર ઠાસરીયા ઈમરાનભાઈ ભુપતભાઈ મુ.ચુડા ની ફોરમને રજુઆત છે કે તેઓના ખેતીવાડીના નવા વીજજોડાણમાં લાઈનકામ પુર્ણ કર્યા અને મીટર લગાવ્યા બાદ, લાઈનના જમ્પર ન આપવાથી વીજજોડાણ ચાલુ થયેલ નથી અને તેમ છતાં પ્રતિવાદી તરફથી વીજબીલ આપવામાં આવે છે.

૩.૨ પ્રતિવાદીએ વાદીએ માંગેલ ખેતીવાડીનાં બે નવા વીજજોડાણ માટે લાઈનકામ પુર્ણ કરી, મીટર લગાડેલ પરંતુ જમ્પર ન આપવાથી વાદીનાં વીજજોડાણ ચાલુ થયેલ નહી. પ્રતિવાદીએ ખરેખર વીજજોડાણ ચાલુ ન થવા છતાં વાદીનાં વીજ ગ્રાહક નં.૭૪૦૫૨/૦૫૦૩૫/૫ તેમજ બીજુ વીજજોડાણ ગ્રાહક નં.૭૪૦૫૨/૫૦૩૬/૩ પ્રતિવાદીએ રજુ કરેલ રેકોર્ડ મુજબ તા.૧૫.૦૭.૨૦૧૯ ની ચાલુ કર્યા તારીખ બતાવી બન્ને વીજજોડાણનાં વીજબીલ બનાવેલ છે અને વાદીને આપેલ છે.

૩.૩ વાદીએ રજુ કરેલ બીલની નકલ મુજબ તેમજ પ્રતિવાદીએ રજુ કરેલ રેકોર્ડ મુજબ વાદીનાં વીજજોડાણ ગ્રા.નં.૭૪૦૫૨/૦૫૦૩૫/૫ માં તા.૧૧.૧૧.૨૦૧૯ ના રોજ ૭૭ યુનિટનું વપરાશનું વીજબીલ આપવામાં આવેલ છે તેમજ ૭૪૦૫૨/૦૫૦૩૬/૩ માં તા.૧૩.૧૧.૨૦૧૯ ના રોજ ૮૦ યુનિટનાં વપરાશનું વીજબીલ વાદીને આપેલ છે.

૩.૪ પ્રતિવાદીએ ફોરમને રજુઆત કર્યા મુજબ વાદીનું ગ્રા.નં.૭૪૦૫૨/૦૫૦૩૫/૫ વાળા વીજજોડાણમાં તા.૦૪.૦૧.૨૦૨૦ ના રોજ જમ્પર આપી વીજજોડાણ ચાલુ કરેલ છે તેમજ ૭૪૦૫૨/૦૫૦૩૬/૩ નું વીજજોડાણ નવેમ્બર–'૧૭ માં જમ્પર આપી ચાલુ કરેલ છે, આમ પ્રતિવાદીએ વીજજોડાણ ચાલુ ન કરવા છતાં વાદીને સપ્ટે.–ઓકટો. બીલ્ડ ઈન નવેમ્બરનું ૮૦ યુનિટનું તેમજ ૭૪૦૫૨/૦૫૦૩૫/૫ માં ૭૭ યુનિટનું વીજબીલ આપેલ છે.

૩.૫ વાદી અને પ્રતિવાદીએ રજુ કરેલ રજુઆત તેમજ રેકોર્ડ ઉપરથી સ્પષ્ટ થાય છે કે વાદીનાં બન્ને વીજજોડાણ ખરેખર ચાલુ કર્યા વગર પ્રતિવાદીએ તા.૧૫.૦૭.૨૦૧૯ થી વાદીનાં વીજબીલ વપરાશનું અથવા ફીકસ ચાર્જનું બીલો ચાલુ કરી દીધેલ છે, જે વાદીએ ભરવાપાત્ર થતાં નથી.

૩.૬ ઉપરનાં અવલોકન પરથી સ્પષ્ટ જણાય છે કે પ્રતિવાદીનાં સબંધિત નાયબ ઈજનેર, ચુડાએ વાદીની ફરીયાદને ધ્યાને લીધેલ નથી તેમજ વાદીની વારંવાર રજુઆત છતાં વાદીનાં વીજજોડાણ ચાલુ કરેલ નહી અને તેમ છતાં વીજબીલ આપવાનું ચાલુ રાખેલ. આમ, પ્રતિવાદીનાં નાયબ ઈજનેર એ વાદીને સેવામાં અગવડતાને લીધે માનસિક ત્રાસ ભોગવવો પડેલ છે અને વાદીએ ફોરમને રજુઆત કર્યા બાદ પ્રતિવાદીનાં નાયબ ઈજનેર તેના વીજજોડાણ ચાલુ કરેલ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૭ ઉપરોક્ત તારણ નં.૩.૫ અને ૩.૬ ઉપરથી હુકમ કરવામાં આવે છે કે પ્રતિવાદીએ વાદીનાં બન્ને વીજજોડાણનાં તા.૧૫.૦૭.૨૦૧૯ થી ગ્રાહક નં.૭૪૦૫૨/૦૫૦૩૫/૫ માં તા.૦૪.૦૧.૨૦૨૦ સુધીનાં તેમજ ગ્રાહક નં.૭૪૦૫૨/૦૫૦૩૬/૩ માં નવે.-'૧૧ સુધીનાં જે કોઈ વીજબીલ આપેલ છે અને તેની રકમ તેમના ખાતામાં ઉધારેલ છે, તે જમા આપવી.

તેમજ વાદીને પડેલ સેવાકીય ખામી અને અગવડતાને કારણે ઉદભવેલ પરિસ્થિતી માટે નાયબ ઈજનેર, ચુડાને જવાબદાર ઠેરવી રૂા.૨૦૦/- નો દંડ કરવામાં આવે છે, જે રકમ ફરીયાદીને આપી પહોંચ મેળવી ફોરમને જાણ કરવી.

**-:: હુકમ ::-**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૭ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

ગેરહાજર
**(પી. એન. આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

તારીખ :- ૧૯.૦૨.૨૦૨૦